## વડીલોને વંદન અભિનંદન



હિંમતલાલ ત્રિવેદી
(૧૯૩૧) ફોન : ૨૩૨૨૦૮૦૨

# પોલીસ આરોપીઓની ધરપકડ નહી કરે તો ઉમરેઠ બંધનું એલાન આપીશ : જયંત બોસ્કી

### ગુજરાતના મુખ્યમંત્રી કુવામાનાં દેડકા, પહેલા પોતાનું ઘર સાચવે પછી દિલ્હી જવાની વાત કરે : પોલીસે વણઝારા, પાન્ડીયન અને અમીનની દશા ઉપરથી બોધપાઠ લેવો જોઈએ : ઉગ્ર આંદોલન શરૂ કરીશું

ઉમરેઠ તા.૫

ઉમરેઠ નગરપાલીકાના નામે ખરીદાયેલ સીમેન્ટ પ્રકરણમાં ઉમરેઠ શહેર ભાજપ પ્રમુખ, એ.પી.એમ.સી ચેરમેન, કોન્ટ્રાકટર તથા તત્કાલીન સી.ઓ વિરૂધ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાતની પોલીસ ફરીઆદ થયાના ૧૫ દિવસ જેટલો લાબો સમય વીત્યા છતાં આરોપીઓની હજુ સુધી પોલીસે ધરપકડ ન કરતા આજે ઉમરેઠ મત વિસ્તારના ધારાસભ્ય જયંત બોસ્કીએ એન.સી.પીના કાર્યકરો તેમજ સમર્થકો સાથે જંગી રેલી કાઢી પોલીસ સ્ટેશન સામે ઉપવાસ ઉપર બેસતા રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો છે.

ધારાસભ્યે ચીમકી ઉચ્ચારતા કહયુ હતુ કે પોલીસે વણઝારા, પાન્ડીયન અને અમીન જેવા ઉચ્ચ પોલીસ અધિકારીઓની દશા ઉપરથી બોધ લેવો જોઈએ. આ સાથે જો પોલીસ આરોપીઓને છાવરવાની કોશીષ કરી ધરપકડ નહી કરે તો ઉમરેઠ બંધનું એલાન અને જીલ્લાના અન્ય શહેરોમાં આંદોલન કરવાની ધમકી આપતા હડકંપ મચી જવા પામ્યો છે. બીજી તરફ પ્રો.ડી.વાય.એસ. પી ફાલ્ગુની પટેલને પુછતા આ કેસ મારી પાસેથી લઈ ડી.વાય.એસ.પી પટેલ સાહેબને આપ્યાનુ કહી હાથ ખંખેરી લીધા હતા.

ઉમરેઠ નગર સેવા સદનના નામનું બનાવટી લેટરપેડ બનાવી જેમાં બનાવટી સહી સીકકા કરીને ગુજરાત રાજય નાગરીક પુરવઠા નીગમ ગાંધીનગર ખાતે ઉમરેઠ નગરપાલીકાને સીમેન્ટ આપવા બાબતે લેટર તૈયાર કરી સીમેન્ટની માંગણી કરી ગુ.રા.ના.પુ નીગમ માંથી ૨૦૫ ટન સીમેન્ટ મેળવી ખુલ્લા બજારમાં બારોબાર સગેવગે કરી રૂા. ૨,૬૨,૧૬૦ ની છેતરપીંડી કરવા અંગે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ગત તા. ૨૧-૮-૨૦૧૩ ના રોજ ઈ.સી.ઓ પંથેશ પરીખે તત્કાલીન સી.ઓ હીરલબેન ઠાકર (હાલ સોજીત્રા ન.પા.સી.ઓ), ગીરીશભાઈ જે પટેલ કોન્ટ્રાકટર રહે. સુણાવ, યોગેશભાઈ રમેશભાઈ પટેલ રહે.ભાલેજ, તેમજ સૃજલ મુકુન્દભાઈ શાહ રહે.રેવાકાકાની પોળ ઉમરેઠ વિરૂધ્ધ્ બનાવટી લેટરપેડ બનાવી જેમાં બનાવટી સહી સીકકા કરીને ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ ગાંધીનગર ખાતે ઉ.ન.પાને સીમેન્ટ આપવા બાબતે લેટર તૈયાર કરી સીમેન્ટની માંગણી કરી તા.૩૦-૪-૨૦૧૧થી ૩૦-૬-૨૦૧૧ સુધી કુલ ૨૦૫ ટન સીમેન્ટ રૂા. ૮,૪૪, ૮૪૦ નો જથ્થો મેળવી ખુલ્લા બજારમાં તે સમયેની ખરીદ કીંમત ૧૧,૦૭૦૦૦ નો સીમેન્ટ બારોબાર સગેવગે કરી સરકારશ્રીના રાહતભાવ અને બજારભાવ વચ્ચેના તફાવત રૂ. ૨, ૬૨, ૧૬૦ના પોતાના અંગત રીતે વાપરી નગરપાલીકા તથા ગુજરાત સરકારના નાગરીક પુરવઠા નીગમ સાથે છેતરપીંડી તેમજ વિશ્વાસઘાત કર્યાની તેમજ સીમેન્ટનો જથ્થો ઉ.ન.પાના કોઈપણ કામમાં વાપરેલ ન હોવાનુ તેમજ ઉમરેઠ નગર પાલિકાનો બનાવટી લેટરપેડનો ઉપયોગ કરી ના.પુરવઠા ગાંધીનગરને બનાવટી જાવક નંબર લખી દેના બેંક ઉમરેઠ માંથી ટ્રાન્સફર મોકલાવેલ હોવાનું અને ઉ.ન.પાની તીજોરીમાંથી કોઈપણ રકમનું પેમેન્ટ કરવામાં આવેલ નથી વિગેરે બાબતની ફરીઆદ નોંધાઈ હતી.જેના આધારે ઉમરેઠના પ્રો.ડી. વાય. એસ. પી. ફાલ્ગુની આર. પટેલે આરોપીઓ વિરૂધ્ધ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૪૦૯, ૩૪, ૪૦૬ મુજબ ફરીઆદ નોંધી હતી.



# ડૉ. આદેશપાલ સહિતના લોકો વિરૂદ્ધ જાહેરહિતની અરજી કરતા ડૉ. હિમાંશુ પટેલ

### નોટીસો જારી કરાઈ : ૨૭મી સપ્ટેમ્બર સુધી જવાબ રજુ કરવા હુકમ

અમદાવાદ, તા.૦૬

ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ ભૂતપૂર્વ કુલપતિ આદેશપાલ અને તેમની કૌભાડી ટુકડી દ્વારા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અને નાણાંકીય ગેરરીતિ આચરવાના કેસમાં સિનીયર સિન્ડીકેટ સભ્ય ડો. હિમાંશુ પટેલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલ જાહેરહિતની અરજીમાં હાઈકોર્ટની ખંડપીઠે ભૂતપૂર્વ કુલપતિ સહિતનાઓ સામે નોટીસ પાઠવી છે. અને ૨૭ સપ્ટેમ્બર સુધીમાં જવાબ આપવા હુકમ કર્યો છે.

જાહેરહિતની અરજીથી ભૂતપૂર્વ કુલપતિ આદેશપાલની મુસીબતોમાં વધારે થાય તેવી શકયતા છે. આ કેસની વિગત એવી છે કે ગુજરાત યુનિવર્સિટી ડો. આદેશપાલ અને તેમની મંડળીમાં સામેલ રાજેશ પટેલ, અરવિંદ ભંડારી, એચ.સી. સરદાર, નરેન્દ્ર પટેલ, એચ.એસ. ઓઝા, સોભના મેનન, સરલા અચ્યુતન, પંકજ ગજ્જર, સવિતા ગાંધી દ્વારા તેઓના કાર્યકાળ દરમ્યાન ઉત્તરવહી કૌભાંડ, સફાઈ કૌભાંડ, બાઉન્સર કૌભાંડ, એમઓયુ કૌભાંડ, બાર કોડ, પ્રશ્નપત્ર, હોસ્ટેલ, રીનોવેશન કૌભાંડ જેવા અનેક કરોડો રૂપિયાના કામો ફાયનાન્સ એડવાઈયઝરી કમિટીના નામે મંજુર કરાવી રજીસ્ટ્રાર સહિત અધ્યાપકોની મીલીભગતથી ભ્રષ્ટાચાર અને નાણાંકીય ગેરરીતી આચરવામાં આવી હતી. કૌભાંડોની તપાસ અર્થે ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય હિમાંશુ પટેલ દ્વારા ૩૬ પાનાની વિગત ધરાવતી જાહેરહિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરી હતી જેમાં હાઈકોર્ટમાં દાખલ કરી હીત જેમાં હાઈકોર્ટની ખંડપીઠે અરજીમાં દર્શાવેલ તમામ પક્ષકારોવિરૂદ્ધ નોટીસ કાઢી છે અને ૨૭ સપ્ટેમ્બર સુધી કોર્ટમાં જવાબ રજુ કરવા આદેશ આપવામાં આવ્યો છે.



સેકટર-૩ સાંઈબાબા મંદિર ખાતે ગુરુવારે સાંજે ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયાબીટીસ ચેકીંગ આ મેડીકલ કેમ્પમાં ઘણી મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ખેડબ્રહ્મામાં ચેઈન સ્નેચર સક્રીય

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્મામાં ચેઈન સ્નેચરો સક્રીય રહેતાં શુક્રવારના રોજ એક મહીલાની ચેઈન ખેંચાઈ હતી. ચેઈન સ્નેચરોનો આતંક ખેડબ્રહ્મામાં શરુ રહેતાં લોકોમાં ભયનું વાતાવરણ ઉભું થયું છે. ખેડબ્રહ્મામાં શુક્રવારના રોજ સાંજના ૩ વાગ્યાના સુમારે વાસણારોડ ઉપર આવેલા હનુમાનજી મંદિર આગળથી પસાર થતાં કૈલાસબા ભગવતસિંહ રાઠોડની સોનાની ચેન બાઈક ઉપર આવેલ એક શખ્સ ખેંચી ફરાર થઈ ગયો હતો. ખેડબ્રહ્મામાં ચેઈન સ્નેચરોનો આતંક શરુ રહેતાં લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. પ્રત્યક્ષ જોનારાના જણાવ્યા અનુસાર પલ્સર બાઈક ઉપર આવેલ શખ્સે પીળું શર્ટ પહેર્યું હતું અને બાઈકના નંબરનો માત્ર ૨૨નો આંકડો જોઈ શકાયો હતો.

## બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ મંડળના પ્રમુખના પિતાનું જેફ વયે નિધન

કાંકરેજ તાલુકાના શિહોરી ગામના વતની અને બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ મંડળના પ્રમુખ તેમજ જય હિન્દના પત્રકાર રામજીભાઈ રાયગોરના પિતા જેહાભાઈ પાંચાભાઈ રાયગોરનું ૧૦૦ વર્ષની જેફ વયે તા. ૬ સપ્ટેમ્બરના રોજ અવસાન થયેલ છે. જેઓનું સમાજના રીત રીવાજ મુજબ (સુંવાળુ) તા. ૭મી સપ્ટેમ્બરના રોજ શિહોરી-દીયોદર માર્ગ આનંદપુરા ખાતે પોતાના ફાર્મ હાઉસ ઉપર રાખવામાં આવ્યું છે.


### ચોરો બિન્દાસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેસેજ મળતા પોલીસ ઘાંઘી થઈ ગઈ છે. પેધી પડેલી આ ગેંગના માણસોએ સે-૧૧ પેટ્રોલ પંપ સામે પાર્ક કરેલી મહારાષ્ટ્ર પાસીંગની એસ્ટીમ ગાડીના કાચ તોડીને તેમાંથી એટીએમ કાર્ડની ચોરી કરી લીધી હતી. મોડી સાંજ સુધી ઉપરોકત ચાર ચાર કિસ્સાઓ પૈકી એક જ કિસ્સામાં ફરિયાદ નોંધાવા પામી હતી. દિન દહાડે પોલીસનો ડર રાખ્યા વિના બિન્દાસ્ત ફરતી આ ગેંગના સાગરીતો બે દિવસ પહેલા પણ કેમેરામાં કેદ થયા હતા અને આજે પણ સે-૧૧ સામે કેમેરામાં કેદ થયા છે. બંને ગેંગ એક જ છે કે કેમ? તે વિડીયો ફુટેજના આધારે તપાસ ચાલી રહી છે. પોલીસને નાકે દમ લાવી દઈને બેખૌફ ફરતી આ ગેંગથી પ્રજામાં ફફડાટ ફેલાઈ રહ્યો છે.

### સ્વામીનો જન્મોત્સવ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમૃતવાણીમાં જણાવ્યું હતું કે પ્રભુના જન્મવાંચન સમયે જાણે જન્મ મહોત્સવ હોય તેવો ઠાઠ હોય છે. ૧૪ સ્વપ્નો એક પછી એક ઉભરે અને જન્મવાંચન થતા એક ભવ્ય આનંદ ઉદ્‌ઘોષ થાય ત્યારબાદ સહુ પ્રભુજીના પારણાને ઝુલાવા માંડે આ ઉત્સાહ અને ઉમંગ પર્વાધિરાજની અનેરી શોભા છે. બસ આપણે સહુ આ જન્મવાંચનના દિવસે અંતરમાં અનંત શક્તિ લઈને ઉઠેલા 'મહાવીર'ને પ્રગટ કરવા કટિબદ્ધ બનીએ.

## શબ્દાવલી - ૫૧૬૯





### આડી ચાવી

૧. ભુલ, બેદરકારી (૪)
૪. પાલવને હિન્દીમાં પલ્લુ અથવા... કહે છે (૩)
૬. લાઈનબદ્ધ ચાલવું, ... કરવી (૩)
૭. દ્રાક્ષ, અંગુર (૩)
૮. પાઠ ભણાવવો, ... મળવો (૩)
૯. માછલી, (૨)
૧૦. રદ્દ, કેન્સલ (૩)
૧૩. સુક્ષ્મ, જીણું (૩)
૧૪. તલવાર, ખડગ (૪)
૧૫. ઠીંગણુ (૩)
૧૮. બૌદ્ધધર્મના વડા, પુજય (૨)
૧૯. દર્શન (૩)
૨૦. કોલસા વગેરેની...હોય છે (૨)
૨૧. ખેલ કરતો વ્યક્તિ (૨)
૨૨. દારૂની એક જાત (૨)

### ઊભી ચાવી

૧. ... કરવી, વાતો કરવી (૪)
૨. દગો, ધોખો (૩)
૩. લડવાડિયું, ઝગડાળુ (૪)
૪. પત્ની, ભાર્યા (૨)
૫. એક મુલાયમ લાગતું કાપડ (૪)
૭. રાજાના દરબારમાં બેઠેલ વ્યક્તિ (૪)
૧૧. તકનો લાભ ઉઠાવનાર (૪)
૧૨. તલ્લીન (૪)
૧૩. જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ કે પાત્ર (૪)
૧૪. બુંગણ જેવા એક ખાસ પ્રકારના કાપડ (૩)
૧૬. આધાર (૩)
૧૭. ઢીલું-પોચું (૩)

### શબ્દાવલી ૫૧૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) તલસાટ (૪) છાછર (૬) ધસમસતું (૮) કડક (૧૧) ટકા (૧૩) અસુર (૧૪) રસકાબોળ (૧૭) વિરાટ (૧૮) રમકડાં (૨૦) સરવ (૨૧) મરૂભૂમિ

**ઊભી ચાવી :-** (૧) તરકટ (૨) સાધક (૩) ટસ (૪) છાસ (૫) છતુ (૭) મઠ (૯) ડકાર (૧૦) પરમીટ (૧૨) શંકા (૧૩) અવવિતરૂ (૧૫) સરકસ (૧૬) તરસ (૧૯) મર

# ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા ખાતે સત્યનારાયણ કથા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા સેકટર-૧૫ ગાંધીનગર ખાતે ગત તારીખ-૫ સપ્ટેમ્બરના રોજ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા ભગવાન સત્યનારાયણની કથાના પ્રસંગે કથામાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશીષભાઈ દવે, વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ, કર્મચારી મહામંડળના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ તેમજ બોર્ડના મુખ્ય વહીવટી અધિકારી હિમાંશુ પટેલ, નાણાં નિયંત્રક વી.આર. દવે, જલસેવા તાલીમ સંસ્થાના નિયામક બી.બી. પટેલ, બોર્ડના કર્મચારી તેમજ અધિકારી મંડળના પ્રમુખ પ્રવિણ સુતરિયા તથા ખજાનચી મહેન્દ્રસિંહ ચૌહાણે પણ હાજરી આપી હતી.

### મહા ગણેશ ઉત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. જે અન્વયે તા. ૯ સપ્ટેમ્બરે સાંજે ગણેશજીનો ડાયરો, ત્યારબાદ બેસ્ટ સિંગર ઓફ ધ સીટી કોમ્પીટીશન, ફોક ડાન્સ ઘુમર ધ રાજસ્થાની, ફોક ડાન્સ, ઓરકેસ્ટ્રા-રોક ઓન ધ ડાન્સ કોમ્પીટીશન, ફેશન શો સહીતના કાર્યક્રમો યોજવામાં આવશે. ગણેશોત્સવ દરમિયાન ડીસ્કોથેકની શરૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત શહેરના મધ્ય વિસ્તારમાં પ્રથમ પાર્ટી પ્લોટનું ઉદઘાટન કરવામાં આવશે. તેમણે વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ દરમિયાન શરદપૂર્ણિમા, ગ્રીષ્મોત્સવ, ૩૧ ડીસેમ્બર તેમજ હોલિકા દહનની ઉજવણીના કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

### પર્યુષણ પર્વ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેવળજ્ઞાન હાંસલ કર્યુ. લોકાલોકના સર્વભાવોના પ્રભુ જ્ઞાતા બન્યા. પુણ્યનો પ્રકર્ષ જાગી ઉઠ્યો દેવો-દેવેન્દ્રોએ દોડાદોડી શરૂ કરી દીધી એમની પાછળ. પ્રભુ સદાય ઓછામાં ઓછા કરોડ દેવતાઓથી પરિવર્યા. સમવસરણ મંડાયું પ્રથમ તીર્થદેશના કલ્પ પુરતી જ આપી. અપાપાપુરીમાં તેઓશ્રી પધાર્યા. ત્યાં સોમિલ બ્રોણના યજ્ઞના પુરોહિત તરીકે ઈન્દ્રભુતિ ગોતમ જેવા ચૌદ વિદ્યાના પારગામી પંડિતો આવેલ હતા. પ્રભુના હાથે તેઓ દિક્ષિત લઈ શાસનની ધુરાને વહે તેવા હતા. પોતાને સર્વજ્ઞસમ માનતા હતા. અપાર અભિમાનનાં પુતળાં હોવા છતાં સાચુ સમજાય તો સ્વીકારવાની હૈયાની સરળતાના એઓ સ્વામી હતા. તે બધા એક પછી એક ક્રમે ક્રમે વાદ કરવા, પ્રભુને પરાસ્ત કરવા. સમવસણમાં પધાર્યા. પ્રભુનું રૂપ જોઈ એમનો ગર્વ ગળીય ગયો. પ્રભુનું વચન સુણી એઓ નિરૂત્તર જ નહિ, પરંતુ નિઃશક બની ગયા. વેદની જ પંક્તિઓના સ્યાદ્રાપુર્ણ અર્થઘટનથી એમની વર્ષોની ભ્રમણાઓ કાચની જેમ ભાંગીને ભુક્કો થઈ ગયો એઓ સમર્પિત બની ગયા. પોતાના વિશાળ શિષ્યરાશિ સાથે પ્રભુનું ચરણ શરણ સ્વીકાર્યુ. ઈન્દ્રે સાધુવેશ સમપ્યો. પ્રભુએ મહાવ્રત આપ્યા. સર્વ પ્રકારે ગણને યોગ્ય જાણી પ્રભુએ તેમના ત્રણ પ્રોના જવાબમાં ત્રિપદી આપી સમગ્ર બ્રોડનું સ્વરૂપ જણાવ્યુ. એમણે અંતમુહુર્તમાં માત્રમાં દ્રાદસાંગી રચી. પ્રભુએ જ્ઞાનથી જોઈ એના ઉપર પોતાની મહોરછાપ મારી. એ અધિકૃત બની. દરેક ગણધરોના મસ્તકે પ્રભુએ સુગંધી વાસક્ષેપ કર્યો. ગૌતમસ્વામી આદિ ગણનાયક બન્યા.

પ.પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

### પોલીસના દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ આ મામલે વધુ વિગત આપવાનો પોલીસે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. બીજી તરફ આસારામના વિરૂદ્ધ કોઈપણ સીડી કે વિડીયો કલીપ મળી હોવાનુંપણ પોલીસે સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. આ બાબતનું ખંડન કરતા જોધપુર પોલીસના ડીસીપી અજય લાંબાએ આ પ્રકારની વાતોને અફવા ગણાવી છે જ્યારે સુત્ર દ્વારા મળેલી વિગતમાં વિડીયો કલીપીંગ મળી છે તેને ફોરેસીંક તપાસમાં મોકલી અપાઈ છે. પરંતુ આ વાતની કોઈપણ પ્રકારની પુષ્ટી થઈ નથી. આ બાબત સાચી સાબીત થશે તો આસારામની મુશ્કેલીઓ વધશે.

# ખેડબ્રહ્મા ભૃગુઋષિ મહાદેવ પાસેના રોડના ગાબડા પુરવામાં તંત્રની બેદરકારી

### નદીના મોટા ગોળ પથ્થર નાખતાં વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરાના ભૃગુઋષિ મહાદેવ મંદિર પાસે રોડ ઉપર મોટા ગાબડા પુરવા તંત્ર દ્વારા નદીના મોટા ગોળ પથ્થર નાકતાં વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. નદીના મોટા પથ્થરના કારણે વાહનચાલકોને પડી જવાના બનાવ પણ બનવા પામ્યા છે. આ પથ્થરની જગ્યાએ માટી નાખવામાં આવે તેમ વાહનચાલકો ઈચ્છી રહ્યા છે.

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા-આંતર સુબાના સ્ટેટ હાઈવેનું તાજેતરમાં નવીનીકરણ કરવામાં આવ્યું છે. પણ આ રોડ ઉપર આવતા થીર જામ્બા માતાજી મંદિર તથા ભૃગુઋષિ મહાદેવ મંદિર આગળનો રોડ નવીન બનાવવામાં આવ્યો નથી.

જેથી આ રોડ ઉપરના ભરચક વાહન વ્યવહારને લઈ મોટા ગાબડા પડી ગયા હતા. જે અનેગે રજુઆત થતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગાબડાં પુરવામાં ાવ્યા છે. પણ આ ગાબડા પુરવામાં તંત્રની બેદરકારી બહાર આવવા પામી છે. ગાબડામાં નદીના મોટા-મોટા ગોળીયા પથ્થર નાખી માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.એ પોતાની સમજનું પ્રદર્શન કર્યુ છે અને દસ કીલો કરતા પણ વધુ વજનના પથ્થર નાખી વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. આ ગાબડામાં વાહનચાલકો સાચવીને જઈ શકતા હતા પણ મોટા મોટા પથ્થરોમાંથી પસાર થવુ એટલે અભિમન્યુના કોઠા સમાન પરિસ્થિતિ ઉભી કરવામાં આવી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## કંપની સમાચાર

### હ્યુન્ડાઇ દ્વારા 'ગ્રાન્ડ આઇ૧૦'ની ભવ્ય રજૂઆત

હ્યુન્ડાઈ મોટર ઈન્ડીયા લીમીટેડ (એચએમઆઈએલે) એ દેશની વિશાળ નિકાસકાર અને અને બીજા ક્રમની વિશાળ કાર ઉત્પાદક કંપની છે, જેણે આજે જેની સૌથી વધુ રાહ જોવાતી હતી એ ગ્રાન્ડ આઈ૧૦ કારની રજૂઆત કરી હતી. આ કાર ગ્રાન્ડ આઈ૧૦ની ભારતમાં પ્રથમ વૈશ્વિક રજૂઆત છે.

એચએમઆઈએલના મેનેજીંગ ડિરેકટર અને સીઈઓ બી. એસ. સિયોએ જણાવ્યુ હતુ, "ગ્રાન્ડ એ ભારતીય બજાર માટે તૈયાર કરવામાં આવેલી વૈશ્વિક કક્ષાની પ્રોડક્ટ છે. ભારતીય ગ્રાહકો પ્રત્યે હ્યુન્ડાઈના ગુણવત્તા, ટકાઉપણા અને વિશ્વસનીયતા અંગેની પ્રતિબદ્ધતાનું પ્રતીક ગ્રાન્ડ છે. તે શહેરી અવરજવરને આદર્શ રીતે અને સ્ટાઈલ, કામગીરીની દ્રષ્ટિએ રજૂ કરે છે તેમજ સાથે સાથે કોમ્પેક્ટ હાઈ એન્ટ્રી સેગમેન્ટ દ્વારા નવુ સિમાચિહ્ન રચે છે. અમને આશા છે કે ગ્રાન્ડ તેની ખાસ વિશેષતાઓ તેમજ ઉત્તમ કિંમત પ્રસ્તાવ સાથે ભારતના વિશાળ સંખ્યામાં રહેલા ગ્રાહકોની જરૂરીયાતને સંતોષશે. આ મોટરકાર ગાંધીનગરનાં શૉરૂમમાં ઉપલબ્ધ છે."

### ઓનલાઈન જાહેર નિવિદા નં. ૬ સને ૨૦૧૩-૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (રાજ્ય) સબજેલ સામે હિંમતનગર-૩૮૩૦૦૧ ફોન નંબર : (૦૨૭૭૨) ૨૪૧૬૫૧ની કચેરીએથી સરકારી હોટમીક્ષ પ્લાન્ટ ગોપાલપુરા તાલુકો બાયડ ખાતે કોયલી રીફાયનરી બરોડાથી બલ્ક / પેક ડામર કાર્ટીંગ કરવાનું કામ કે જેની અંદાજીત રકમ રૂ. ૧.૦૦ લાખથી રૂ. ૫.૦૦ લાખની વચ્ચે થાય છે. આ માટેના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૩/૯/૨૦૧૩ છે તથા ભરેલ ટેન્ડરો રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાની છેલ્લી તારીખ ૨૧/૯/૨૦૧૩ની છે.
આ અંગેની વધુ માહિતી માટે આ કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ wwww.statetenders.com ઉપરથી પણ જોઈ શકાશે. આવેલ ભાવો મંજુર અથવા ના મંજુર કરવાનો હક અત્રેની કચેરીને અબાધિત રહેશે. **ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૫૫/૨૦૧૩**

### સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નં. ૧૨, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૪૦૨૫, ૨૩૨૫૪૦૨૪, ફેક્સ નં. ૨૩૨૫૪૦૨૩

#### જુના માલ-સામાનની હરાજી

સદરહુ કચેરીમાં જુના / ભંગાર / બિન ઉપયોગી તેવા ફર્નિચર અને યંત્ર સામગ્રી જાહેર હરાજીથી વેચવાના છે. રસ ધરાવનાર પાર્ટીએ નોન રીફંડેબલ ટેન્ડર રૂ. ૨૫૦/- રોકડેથી ભરીને કચેરીની ખ-૨ શાખા પાસેથી તા. ૧૬/૯/૨૦૧૩ થી તા. ૨૦/૯/૨૦૧૩ સવારના ૧૧-૩૦ થી ૨-૦૦ સુધીમાં મેળવી લેવાના રહેશે. બંધ કવરમાં રકમની ઓફરો ખ-૨ શાખામાં તા. ૨૭/૯/૨૦૧૩ના બપોરના ૩-૦૦ સુધીમાં સ્વીકારવામાં આવશે. હરાજીની અન્ય શરતો ટેન્ડર ફોર્મ મુજબની રહેશે. ભરેલા તમામ ઓફરો તા. ૩૦/૯/૨૦૧૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ખોલવામાં આવશે. રસ ધરાવતી પાર્ટી / તેમના અધિકૃત પ્રતિનિધિઓ હાજર રહી શકશે.

માલ-સામાનનાં જથ્થો જોવા માટે રસ ધરાવનાર પાર્ટીએ ઉક્ત કચેરીની ખ-૨ શાખાનાં સ્ટોર્સમાં સવારે ૧૨-૦૦ થી ૨-૩૦ કલાક સુધીમાં સંપર્ક કરવાથી માલ-સામાન જોઈ શકાશે.

મળેલ ઓફરો અંશતઃ અથવા સંપૂર્ણ પણે સ્વીકારવા કે રદ બાતલ કરવાનો અધિકાર નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણને અબાધિત રહેશે.

**ક્રમાંક : સનશ/હસબ/ખ-૨/૨૦૧૩/ માહિતી/૧૧૫૭/૧૩-૧૪** **નિયામક**

### જાહેરખબર

ગ્રંથાલય નિયામકની કચેરી, ગુ.રા., રાજ્ય ગ્રંથાલય ભવન, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે પુસ્તક ખરીદીની જુદી જુદી યોજનાઓ અન્વયે આવનાર નમુનાના પુસ્તકો સ્વીકારવા, પુસ્તકોનું વર્ગીકરણ, નંબરીંગ, સ્ટેમ્પીંગ અને યોજનાના પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી તેમજ વિષયવાર પુસ્તકો છૂટા પાડી યાદી મુજબ ગોઠવવાની કામગીરીના ભાવો બંધ કવરમાં તા. ૧૩/૯/૨૦૧૩ના રોજ ૧૩-૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી જાય તે પ્રમાણે આ કામગીરીનો અનુભવ ધરાવતી એજન્સીઓ પાસેથી પુસ્તક દીઠ એન્ટ્રી માટેના મંગાવવામાં આવે છે. આ ભાવપત્રકો તે જ દિવસે બપોરે ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે. આ ભાવની સાથે કરવાની થતી કામગીરીની કાર્યપદ્ધતિ જણાવવાની રહેશે. આવા કામનો અનુભવ ધરાવતી એજન્સીને પ્રાધાન્ય આપવામાં આવશે. આ જાહેરાત નીચેની વેબસાઈટ પર જોઈ શકાશે.

Website : wwww.sycd.gujarat.gov.in
wwww.books4gujarat.com

**ફોન નં. ૦૭૯-૨૩૨૨૨૪૮૪** **(ડો. વર્ષા મહેતા)**
**ફેક્સ નં. ૦૭૯-૨૩૨૨૧૦૧૭** **ગ્રંથાલય નિયામક**
માહિતી/૧૧૬૪/૧૩-૧૪ **ગુ.રાજ્ય, ગાંધીનગર**

### જાહેરાત ૦૨-૨૦૧૩

ધોરેલા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગભવન, ગાંધીનગરની કચેરીમાં ઝેરોક્ષ કામગીરી (પ્લોટરમાં નકશા કાઢવાની કામગીરી સહિત) માટે એજન્સી નક્કી કરવાની હોઈ ગાંધીનગરની સ્થાનિક ઝેરોક્ષ એજન્સીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૨૩/૯/૨૦૧૩ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા તા. ૨૬/૯/૨૦૧૩ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

**તા. ૫/૯/૨૦૧૩** **મુખ્ય કારોબારી અધિકારી**
**સ્થળ : ગાંધીનગર** **ડીએસઆઈઆરડીએ**
**માહિતી/૧૧૭૩/૧૩-૧૪**